Received on : 07-07-2026
Registered on : 07-07-2026
Decided on : 28-07-2026
Duration : Y M D
- - 21

## જૂનાગઢના મે. છઠ્ઠા એડીશનલ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં, મુ. જુનાગઢ.

**<u>ફોજદારી પરચુ.અરજી નં. ૫૪૫/૨૦૨૬.</u>**

<u>આંક–</u>

**<u>અરજદારો</u>.** (૧) કરીમ અહેમદ સીડા,
ઉ.વ. આ.૩૧, ધંધો–વેપાર,
(૨) અસલમ ઉર્ફે લાલો ઈબ્રાહીમભાઈ કુરેશી,
ઉ.વ.પુખ્ત, ધંધો–વેપાર,
રહે.બંને. જુનાગઢ.
હાલ.જીલ્લા જેલ, આણંદ.

**<u>–:: વિરૂઘ્ઘ ::–</u>**

**<u>સામાવાળા</u>.** શ્રી સરકાર,
સમન્સ થ્રુ : સરકારી વકીલશ્રી,
જૂનાગઢ.

**વિષય :–** ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ–૪૮૩ હેઠળ રેગ્યુલર જામીન અરજી.

**ગુન્હો :–** બી.એન.એસ.ની કલમ–૩૧૭(૨), ૩૧૭(૪), ૬૧(૨) તથા આઈ.ટી.એકટ–૬૬(ડી) મુજબ.

**સંદર્ભ :–** જૂનાગઢ એ. ડીવીઝન પોલીસ સ્ટેશન ગુન્હા રજી. નં.૧૧૨૦૩૦૨૩૨૫૧૨૪૬/૨૫.

---

અરજદાર/આરોપીઓ તરફે : વિ.વકીલશ્રી આર.ડી.ઠાકર
સામાવાળા શ્રી સરકાર તરફે : વિ.એડી.પી.પી.શ્રી એન.કે.પુરોહીત

---

**<u>–: ઠ રા વ :–</u>**

(૧) હાલની અરજી અરજદાર/આરોપીઓ સામે જૂનાગઢ એ. ડીવીઝન પોલીસ સ્ટેશન ગુન્હા રજી.નં.૧૧૨૦૩૦૨૩૨૫૧૨૪૬/૨૫, બી.એન.એસ.ની કલમ–૩૧૭(૨), ૩૧૭(૪), ૬૧(૨) તથા આઈ.ટી.એકટ–૬૬(ડી) મુજબના

ગુનાના કામે જયુડીશ્યલ કસ્ટડીમાં હોય, જામીન ઉપર મુકત થવા ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ–૪૮૩ અન્વયે આ રેગ્યુલર જામીન અરજી દાખલ કરેલ છે.

(૨) અરજદાર/આરોપીઓની અરજી સંબંધે શ્રી સરકારશ્રીને નોટીશ કરતા સરકાર તરફે વિ. મદદનીશ સરકારી વકીલશ્રી એન.કે.પુરોહીતનાઓ હાજર થયેલ છે અને આંક–૦૭ થી તપાસ કરનાર અમલદાર શ્રી એ.બી.ચૌધરી, પોલીસ ઈન્સપેકટર, એ–ડીવીઝન પોલીસ સ્ટેશન, જૂનાગઢનાઓનું સોગંદનામું રજુ રાખેલ છે.

(૩) આ કામે અરજદાર/આરોપીઓ તરફે વિ.વકીલશ્રી જે.એ.વાઘેલાનાઓએ જામીન અરજી મુજબની રજુઆત કરી જણાવેલ છે કે, જૂનાગઢ એ. ડીવીઝન પોલીસ સ્ટેશન ગુન્હા રજી.નં.૧૧૨૦૩૦૨૩૨૫૧૨૪૬/૨૫, બી.એન.એસ.ની કલમ–૩૧૭(૨), ૩૧૭(૪), ૬૧(૨) તથા આઈ.ટી.એકટ–૬૬(ડી) મુજબના ગુન્હાની ફરીયાદ નોંધવામાં આવેલી છે. હાલના કામના અરજદાર/આરોપીઓની તા.૧૨/૦૧/૨૦૨૬ થી અટક કરવામાં આવેલ છે ત્યારથી જયુડી.કસ્ટડીમાં રહેલ છે. વધુમાં રજુઆત કરેલ છે કે, હાલના કામે અરજદાર/આરોપીનો કોઈ રોલ રહેલ નથી. વધુમાં આ કામે અગાઉ પકડાયેલ આરોપી મોહસીન ઉર્ફે નૈતીક સ/ઓ અશ્વિનભાઈ હરીભાઈ જોષી વિ.સ્ટેટ ઓફ ગુજરાત ક્રિ.મી.એ.(ફોર રેગ્યુલર બેઈલ આફટર ચાર્જશીટ) નં.૯૪૬૨/૨૦૨૬ થી જામીન ઉપર મુકત કરેલ છે. જેથી જામીન અરજી મંજુર કરવા રજુઆત કરેલ છે.

(૪) જયારે સામાવાળા ફરીયાદપક્ષે વિ.એડી.પી.પી.શ્રી એન.કે.પુરોહીતનાઓએ જમીન અરજીનો વિરોધ કરી જણાવેલ છે કે, હાલના

કામે કુલ ૩૦૦ કરોડ ઉપરાંતનો સાયબર ફ્રોડ રહેલ છે તેમજ હાલના કામના અરજદાર નં.૧/આરોપી કરીમ સીડા તથા આરોપી સાહબાજ કુરેશીએ બેન્ક એકાઉન્ટ તથા અરજદાર/આરોપી નં.ર અસ્લમ ઉર્ફે લાલાને આપેલ હતા તેમજ આરોપી કરીમ સીડા તથા આરોપી સાહબાજ બંને એકાઉન્ટ ધારક સાથે પૈસા ઉપાડવા જતા અને તે પૈસા ઉપાડી અન્ય આરોપી નૈતીકને આંગડીયા કરી રૂા.ર૦,૯૭,૩૦૦/– આંગડીયા મારફતે મોકલેલ હતા. વધુમાં હાલના કામના અન્ય આરોપીએ સાહેદોના એકાઉન્ટ મેળવી લાખો રૂપિયાના સાયબર ફ્રોડની રકમ તેમના ખાતામાં જમા થયેલ છે અને તે પૈસા ઉપાડી અન્ય આરોપીને મોકલી આપેલ છે. આ કામે બંને આરોપીએ કુલ રૂા.૧,૦૮,૮૯,૪૫૬/– સાયબર ફ્રોડની રકમ જમા થયેલ તે તેમના મિત્ર મુનાફ સુમરા મારફતે સુરત ખાતે સહઆરોપી નૈતીકના નામે આંગડીયા કરી મોકલી આપેલ હતા. વધુમાં આ કામે અગાઉ પકડાયેલ આરોપીની જામીન અરજી અત્રેની કોર્ટ ધ્વારા નામંજુર કરેલ છે. જેથી જામીન અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે.

(પ) બંને પક્ષોના વિ.વ.શ્રીની દલીલો, તપાસ કરનાર અધિકારી શ્રી એ.બી.ચૌધરી, પોલીસ ઈન્સપેકટર, એ–ડીવીઝન પોલીસ સ્ટેશન, જૂનાગઢ નાઓનું આંક–૦૭ નું સોગંદનામું વંચાણે લીધું તથા રજુ રેકર્ડ ધ્યાને લીધા. ફરીયાદપક્ષના કેસની હકીકત જોવામાં આવે તો, આ કામના આરોપી નં.૧ અલીમહમદ ઉર્ફે આસીફ હબીબભાઈ ઠેબા તથા આરોપી નં.ર અસ્લમ ઉર્ફે લાલો ઈબ્રાહીમભાઈ કુરેશી તથા આરોપી નં.૩ ઈમ્તીયાઝ ઉર્ફે બકરો ઈબ્રાહીમભાઈ હીંગોરજા તથા આરોપી નં.૪ કાજીમ મહમદભાઈ રાજસુમરા વાળાઓએ પોતે તથા પોતાના મળતીયાઓ આરોપી નં.પ સાહીલ ગફારભાઈ સમા તથા આરોપી નં.૬ અજય ઉર્ફે કાનો મનુભા સોનાગરા તથા આરોપી નં.૭ અંજુમ છોટુભાઈ ચૌહાણ સીપાઈ તથા આરોપી નં.૮ અરબાજ ઈકબાલભાઈ કુરેશી તથા

આરોપી નં.૯ સાંઈ ઉર્ફે મંથન થોરાટ મરાઠી, નં.૧૦ કરીમ અહેમદ સીડા તથા નં.૧૧ સાહબાજ જાફરભાઈ કુરેશી તથા નં.૧૨ મુસો હાસમભાઈ મુસાણી, રહે.જેતપુરવાળાઓ મારફતે બેન્ક એકાઉન્ટો મેળવી તેમજ જે કુલ પર એકાઉન્ટો મેળવી જે એકાઉન્ટોમાં સાયબર ફ્રોડ તથા ઓનલાઈન ગેમીંગના રૂપિયા જમા કરાવી જે રૂપિયાઓ જે તે એકાઉન્ટમાં ખાતા ધારકો અથવા મળતીયા માણસો ધ્વારા એ.ટી.એમ.અથવા ચેકથી વીડ્રો કરી રૂપિયાનું રોકડમાં રૂપાંતર કરી જે રોકડા રૂપિયા તમામ આરોપીઓએ પોતાનું કમીશન બાદ કરી બાકીના રૂપિયા આરોપી નં.૧ અલીમહમદ ઉર્ફે આસીફ હબીબભાઈ ઠેબાનાઓ ધ્વારા આરોપી ન.૧૩ રાજુ ઉર્ફે રામભાઈ ભાવનગરવાળાને આંગડીયા મારફતે મોકલતા તેણે તે રૂપિયાનું યુ.એસ.ડી.ટી.માં રૂપાંતર કરી આરોપી નં.૧૪ ઈરફાન જાદુગર રહે.દુબઈવાળાને મોકલી તમામ આરોપીઓએ પુર્વ આયોજીત કાવતરૂ રચી આર્થીક ફાયદો મેળવવા સારૂ મોટુ આંતરરાષ્ટ્રીય રેકેટ રચી તમામ આરોપીઓ તથા જુદા જુદા બેન્ક એકાઉન્ટના ધારકો પોતે પોતાના એકાઉન્ટમાં વારંવાર સાયબર ફ્રોડના રૂપિયા જમા થતા હોવાનું જાણતા હોવા છતાં અલગ અલગ માધ્યમથી સાયબર ફ્રોડથી મેળવેલ કુલ પર એકાઉન્ટમાં સાયબર ફ્રોડના કુલ રૂા.૯,૪૩,૭૦,૩૩૫ જમા કરાવડાવી જે રૂપિયા એકાઉન્ટ ધારક પોતે અથવા તેની સાથે સંડાવાયેલ ઈસમોએ બદદાનતથી મેળવી પોતાના આર્થીક ફાયદા સારૂ વિડ્રો કરી સગેવગે કરી બેન્ક એકાઉન્ટના ધારકો તથા તે તમામ આરોપીઓએ ગુન્હો કરેલાનો આક્ષેપ રહેલ છે.

(૬) આ કામેનુ રેકર્ડ ધ્યાને લેતા ગુનાની તપાસ પુર્ણ થઈ ગયેલ છે અને જેના સેશન્સ કેસ નં.૨૧/૨૦૨૬ રહેલ છે. વધુમાં હાલના કામના અરજદાર/આરોપીએ ગુનામાં ભજવેલ ભુમીકા જોવામાં આવે તો, અરજદાર/આરોપી નં.૧ કરીમ સીડા તથા સહઆરોપી અરબાજ કુરેશીએ બેન્ક

એકાઉન્ટો સાથે આ કામના અરજદાર/આરોપી નં.૨ અસ્લમ ઉર્ફે લાલાને આપેલ હતા તેમજ અરજદાર/આરોપી નં.૧ કરીમ સીડા તથા સહઆરોપી સાહબાજ કુરેશી બંનેએ બેન્ક એકાઉન્ટ ધારક સાથે પૈસા ઉપાડવા સારૂ બેન્કમાં સાથે ગયેલ હતા અને સાહેદો પાસેથી અરજદાર/આરોપી નં.૧ કરીમ સીડા તથા સહઆરોપી સાહબાજ કુરેશીનાઓએ અરજદાર/આરોપી નં.૨ અસ્લમ ઉર્ફે લાલાના કહેવાથી આ પૈસા સાહેદ મુનાફ સુમરા પાસે નૈતીકનાઓ મારફતે આંગડીયા કરી કુલ રૂપિયા ૨૦,૯૭,૯૦૦/- મોકલવામાં આવેલ છે. વધુમાં હાલના કામના અરજદાર/આરોપીઓએ અન્ય સહઆરોપીઓ સાથે ભેગા મળી સાહેદો તથા અન્ય આરોપીઓના એકાઉન્ટના સાયબર ફ્રોડમાં ઉપયોગ કરી રૂા. ૧,૦૮,૮૯,૪૫૬/- જમા કરાવેલ જે તમામ રૂપિયા સહઆરોપીઓએ કરીમ સીડા તથા સાહબાજ કુરેશી તથા મસાણીનાઓએ એકાઉન્ટ ધારકો સાથે બેન્કમાં જઈ રૂપિયા ઉપાડી લઈ અને સહઆરોપીઓના કહેવા મુજબ પોતાનું કમીશન મેળવી સહઆરોપીઓના કહેવા મુજબ મિત્ર સાહેદ મુનાફ સુમરા મારફતે સુરત ખાતે સહઆરોપી નૈતીકના નામે આંગડીયા કરી મોકલી આપેલ હતા. આમ, હાલના કામના અરજદાર/આરોપીની ગુનામાં મહત્વની અને સક્રિય ભુમીકા રહેલ છે. વધુમાં આ કામે અન્ય આરોપી અરબાજ ઉર્ફે ધોની સ/ઓ ઈકબાલભાઈ હાસમભાઈ કુરેશીનાઓએ ચાર્જશીટ બાદ નામદાર હાઈકોર્ટ સમક્ષ ક્રિ.મી.એ.(ફોર રેગ્યુલર બેઈલ આફટર ચાર્જશીટ) ૧૨૨૫૦/૨૬ થી જામીન અરજી કરેલ જે નામંજુર કરેલ છે. હાલના કામના અરજદાર/આરોપીનો ગુનામાં રોલ જોવામાં આવે તો તે પણ ઘણો મહત્વનો અને ગંભીર પ્રકારનો રહેલ છે. વધુમાં આ કામે પકડાયેલ મોહનીસ ઉર્ફે નૈતીક સન/ઓ અશ્વિનભાઈ હરીભાઈ જોષીનાઓએ નામ.ગુજરાત હાઈકોર્ટ ધ્વારા ક્રિ.મી.એ.(ફોર રેગ્યુલર બેલ આફટર ચાર્જશીટ) નં.૯૪૬૨/૨૦૨૬ ના કામે અગાઉ જામીન ઉપર મુકત કરવામાં આવેલ છે. હાલના કામે અગાઉ જામીન ઉપર મુકત થયેલ આરોપી મોહનીસ ઉર્ફે નૈતીકનો રોલ જોવામાં આવે તો, તેઓ આંગડીયા પેઢ

ીમાં કામ કરતા હતા અને તેઓએ દુબઈમાં અન્ય સહઆરોપીઓના કહેવાથી નાણાં ટ્રાન્સફર કર્યા હતા. તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટના હુકમમાં જણાવ્યા મુજબ સદરહુ આરોપી જે નાણાં ટ્રાન્સફર કરવામાં આવતા હતા તે ગુનાહીત પ્રવૃતિમાં થી ઉદભવેલ છે કે કેમ ? જાણતા હતા તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર આવેલ ન હોવાનું એક કારણ ધ્યાને લેવામાં આવેલ. જયારે હાલના કામના અરજદાર/આરોપીની ભુમીકા ગુનામાં મહત્વની અને સક્રીય રહેલ છે. જેથી અરજદાર/આરોપીને પેરીટીનો લાભ મળવપાત્ર નથી. વધુમાં હાલના સમયમાં સાઈબર ફ્રોડના કિસ્સા દિનપ્રતિદિન વધતા રહેલ છે. વધુમાં કોઈપણ વ્યકિત પોતાના આર્થીક લાભ સારૂ પોતાનું એકાઉન્ટ ભાડેથી કે કમીશનથી સાઈબર ફ્રોડના નાણા જમા કરાવવા માટે પોતાનો આર્થીક લાભ મેળવવા માટે કોઈપણ પરીણામની પરવા કર્યા વિના પોતાનું એકાઉન્ટ આવી સાઈબર ફ્રોડની રકમ જમા કરાવવા માટે આપવામાં આવે છે અને ત્યારબાદ તે વ્યકિત ધ્વારા તેઓ ગુના બાબતે કશું જાણતા નથી તે બાબતે લુલો બચાવ લેવામાં આવતો હોય છે. હકીકતે આવા પ્રકારના ગુના આચરવાના કારણે સમાજમાં રહેલ બાળકથી માંડીને વૃધ્ધો સુધીના લોકોના નાણા સાઈબર ફ્રોડના સકંજામાં આવી જઈ નાણા ગુમાવતા હોય છે. ઘણા કિસ્સાઓમાં જે તે વ્યકિત પોતાની નિવૃતિ બાદની રકમ અથવા તો પોતાની મરણમુડી સાચવી રાખેલી હોય તે સાઈબર ફ્રોડનો ભોગ બનવાથી તેની સમગ્ર રકમ ખોઈ બેસતી હોય છે અને તે કારણસર ઘણા કિસ્સાઓમાં વ્યકિત ખુબજ આઘાતમાં પહોંચી જાય છે અને તે કારણસર આત્મહત્યા પણ કરતી હોય છે. આમ, આ કામનો ગુનો ધ્યાને લેતા તે સમાજ વિરોધી ગુનો રહેલ છે. વધુમાં આવા ગેરકાયદેસરની પ્રવૃતિમાંથી ઉદભવેલ નાણાનો દેશ વિરોધી પ્રવૃતિમાં ઉપયોગ થતો હોય છે તેમજ આવા નાણા એક આર્થીક પ્રકારનો ગુનો પણ રહેલ છે. જે દેશની અર્થવ્યવસ્થાને પણ નુકશાન પહોંચાડે છે. આમ, આવા ગુના દેશ વિરોધી પ્રવૃતિ

ગણી શકાય. વધુમાં તે સંજોગોમાં ગુનાની ગંભીરતા ઘણી વધી જાય છે. આમ, આ કામના અરજદાર/આરોપી સામેનો આક્ષેપિત ગુનો, ગુનાની ગંભીરતા ધ્યાને લેતા તથા ઉપરોકત ચર્ચા ધ્યાને લેતા અરજદાર/આરોપીની જામીન અરજી નામંજુર કરવાના નિર્ણય ઉપર આવી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>–: હુકમ :–</u>**

– હાલના અરજદાર/આરોપીઓ (૧) કરીમ અહેમદ સીડા, (૨)અસલમ ઉર્ફે લાલો ઈબ્રાહીમભાઈ કુરેશી, રહે.બંને. જુનાગઢવાળાની જૂનાગઢ એ. ડીવીઝન પોલીસ સ્ટેશન ગુન્હા રજી.નં.૧૧૨૦૩૦૨૩૨૫૧૨૪૬/૨૫, બી.એન.એસ.ની કલમ–૩૧૭(૨), ૩૧૭(૪), ૬૧(૨) તથા આઈ.ટી.એકટ–૬૬(ડી) મુજબના ગુનાના કામની ભારતીય નાગરીક સુરક્ષા સહિંતાની કલમ–૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન ઉપર મુકત કરવાની હાલની અરજી આથી ''નામંજુર'' કરવામાં આવે છે.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૨૮/૦૭/૨૦૨૬
જુનાગઢ.

**(અમિત રમેશભાઈ રાણા)**
છઠ્ઠા એડીશ્નલ સેશન્સ જજ,
જુનાગઢ
(કોડ નં.જીજે.૦૦૯૬૫)